# બાબરાના ખંભાળા ગામે સૌની યોજનાના વોટર સંપના ગોડાઉનમાંથી SMCએ ૮.૪૪ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો!

## સૌની યોજનાના વોટર સંપનાં ગોડાઉનનો દારૂનાં કટિંગ માટે ઉપયોગ કરાતો હતોઃ૩૦૧૩ બોટલ તથા ૧૯.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત,રવિરાજ ખાચર અને રઘુવીર ખાચર ઝડપાયા, ૩ શખ્સો ફરાર





બાબરા : બાબરા તાલુકાના ખંભાળા ગામે સૌની યોજનાના વોટર સંપના ગોડાઉનનો અંગ્રેજી દારૂના કટિંગ માટે ઉપયોગ થતો હતો, જ્યાં એસએમસીએ દરોડો પાડી ૮.૪૪ લાખની કિંમતની અંગ્રેજી દારૂની ૩૦૧૩ બોટલો ઉપરાંત દારૂની હેરફેરમાં ઉપયોગમાં લેવાયેલાં વાહનો મળી ૧૯.૫૧ લાખનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોની અટક કરી છે, જ્યારે ૩ શખ્સોની શોધખોળ આદરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ખંભાળા ગામે સૌની યોજનાના વોટર સંપની પાછળ આવેલા ગોડાઉનમાં કટિંગ વખતે દરોડો પાડયો હતો, જ્યાંથી રૂા.૮.૪૪ લાખની કિંમતની અંગ્રેજી દારૂની કુલ ૩૦૧૩ બોટલ, દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી ઈનોવા, સ્કોર્પિયો અને બાઈક સહિતનાં વાહનો મળી કુલ રૂા.૧૯,૫૧,૧૦૭નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સ્થળ પરથી રવિરાજ જગુભાઇ ખાચર (ઉ.વ.૩૩, રહે. નીલવડા) અને રઘુવીર જયલુભાઇ ખાચર (ઉ.વ.૨૬, ખંભાળા) ઝડપાયા હતા, જ્યારે રેઈડ દરમિયાન લાલાભાઇ હાજાભાઇ ગરાણીયા નાસી છૂટયા હતા. દારૂનો જથ્થો મોકલનાર મૌલિક શૈલેષભાઇ તેરૈયા (રહે. બાબરા) અને દેસુરભાઇ ગઢવી (રહે. સીતાપર ગામ, ગઢડા)ને વોન્ટેડ દર્શાવાયા છે. આ સ્થળે અંગ્રેજી દારૂનું કટિંગ ચાલું હતું ત્યારે જ દરોડો પડતાં નાસભાગ મચી ગઈ હતી.

બાબરા પોલીસે એસએમસીના કોન્સ્ટેબલ વનરાજભાઇ વલકુભાઇ માંજરીયાની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે, જ્યારે આગળની તપાસ લીલિયા પોલીસ સ્ટેશનના પીઆઇ ડી.એમ. સાળુકે દ્વારા હાથ ધરાઇ છે.

બેચ નંબર-સ્ટીકર જેવા પૂરાવાનો નાશ! ગોદામના સીસીટીવીનું ડીવીઆર કબજે કરાયુંઃનોંધનીય છે કે પકડાયેલા અંગ્રેજી દારૂની બોટલો ઉપર લખેલા બેંચ નંબર તથા બનાવટની તારીખ લખેલા સ્ટીકર તોડી નાખી પુરાવાનો નાશ કરાયો હતો. એસએમસીએ ગોડાઉનમાં લગાડેલા સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ કબજે કર્યું છે, જેના પરથી ખરેખર આ ગોડાઉનનો છેલ્લા કેટલા સમયથી અંગ્રેજી દારૂ માટે ઉપયોગ થતો હતો તેનો ખુલાસો થશે.

# કોડીનાર પંથકના યુવાનને માથામાં ધોકા ફટકારી મોતને ઘાટ ઉતારી દીધો

## મોબાઈલ ફોનના અવાજ મુદ્દે ધોકાના જીવલેણ હુમલાથી મોત નીપજ્યું




કોડીનારઃ કોડીનારના મિતીયાજ ગામના વતની અને હાલમાં લોધીકાના રાવકી ગામે આવેલી સોરઠીયા ફાઉન્ડ્રી નામના કારખાનામાં કામ કરતાં અરશીભાઈ લાખાભાઈ પરમાર (ઉ.વ.૩૯) ત્રણ દિવસ પહેલા રૂમમાં સૂતા હતા. ત્યારે આરોપી પ્રવીણ બઘાભાઈ રાઠોડ (ઉ.વ.૪૯)એ ધોકા વડે જીવલેણ હુમલો કર્યો હતો. આજે તેનું સારવાર દરમિયાન મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. મોબાઈલ ફોનનો અવાજ ધીમો કરવાના મુદ્દે આરોપીએ મોતને ઘાટ ઉતારી દીધો હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ મૃતક અરશીભાઈ આઠેક વર્ષથી રાવકી ગામે વિજયભાઈ રાઠોડ સાથે સોરઠીયા ફાઉન્ડ્રી નામના કારખાનામાં કામ કરતાં હતાં. અને ત્યાંજ રૂમમાં રહેતા હતા. ત્રણ દિવસ પહેલા સવારે તે કારખાનામાં સંતા હતા. ત્યારે રૂમમાં સાથે રહેતા પ્રવિણે લાકડાના ધોકા ચાર ઘા મારી દેતાં તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયો હતો. બાદમાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આ મામલે તેના સાઢુભાઈ જયસુખભાઈ રાઠોડ (ઉ.વ.૪૦, રહે. કુવાડવા રોડ, રણછોડદાસબાપુના આશ્રમ પાસે)ની ફરિયાદ પરથી આરોપી પ્રવિણ રાઠોડ વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

હુમલામાં ઘવાયેલા અરશીભાઈએ ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન આજે દમ તોડી દીધો હતો. તે બે ભાઈ અને એક બહેનમાં નાના હતાં. તેને સંતાનમાં ત્રણ પુત્રી છે. આરોપી પ્રવિણની પુછપરછમાં ત્રણ દિવસ પહેલા વહેલી સવારે કામ પરથી રર્મે આવ્યો ત્યારે અરશીભાઈ મોટા અવાજે મોબાઈલ ફોન જોતાં હતા. બાદમાં તે સૂઈ ગયા બાદ ઉશ્કેરાઈને લાકડાના ધોકા વડે હુમલો કર્યાની કબૂલાત આપી હતી.આ મામલે પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી આરોપી પ્રવીણને ગોંડલ જેલહવાલે કર્યો હતો.

# મરીન પીપાવાવ પોલીસે કેબલ ચોરીનો ભેદ ઉકેલ્યો

## ચાંચ,ખેરા અને કથીવદરના આગર વિસ્તારમાંથી ચોરાયેલો ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર, આરોપી ઝડપાયો



અમરેલીઃમરીન પીપાવાવ પોલીસે ચાંચ, ખેરા અને કથીવદર ગામના મીઠાના આગર વિસ્તારમાં થયેલી કેબલ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે આરોપીને ઝડપી પાડી ચોરીનો ૧૦૦ ટકા મુદ્દામાલ પણ રિકવર કર્યો છે.ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી, અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત અને રાજુલા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ મિલકત સંબંધિત ગુનાઓ શોધવા માટે મરીન પીપાવાવ પોલીસે આ કાર્યવાહી કરી હતી.મળતી માહિતી મુજબ, ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ના સાંજે ૭ વાગ્યાથી ૨૭ ઓગસ્ટના સવારે ૧૧ વાગ્યા દરમિયાન આ ચોરી થઈ હતી. અજાણ્યા શખ્સે જી.એચ.સી.એલ. લિમિટેડ યુનિટ નં. ૨ અને ૪ના કથીવદર, ચાંચ અને ખેરા ગામના મીઠાના આગર વિસ્તારમાંથી ૧૪ બોરવેલ મોટરના કેબલ વાયર ચોર્યા હતા.

આમાં પોલીકેબ કંપનીના આશરે ૧૦૪૫ મીટર ૩ CORE 4 SQURE MM FLAT COPPER CABLE, જેની કિંમત લગભગ રૂ. ૩૫ હજાર હતી, તેનો સમાવેશ થાય છે. ઉપરાંત, ચાંચના ખેરા ગામ ખાતે વોશરી પ્લાન્ટમાંથી નિયોન કંપનીના આશરે ૪૨૦ મીટર ૩ CORE 4 SQURE MM ROUND COPPER CABLE, જેની કિંમત રૂ. ૨૦ હજાર હતી, તે પણ ચોરાયા હતા. કુલ ૧૪૬૫ મીટર કેબલ વાયર અને રૂ. ૫૫ હજારનો મુદ્દામાલ ચોરાયો હતો.

આ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૦૫(બી) અને ૩૨૯(૩) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ખાનગી બાતમીદારો, ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી હતી.

આ તપાસમાં પોલીસે મનીષાબેન દીલીપભાઈ મોહનભાઈ ચુડાસમા (ઉંમર ૨૬ વર્ષ, રહે. છતડીયા, હેલીપેડની બાજુમાં, તા. રાજુલા, જી. અમરેલી) ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે આરોપી પાસેથી ચોરી કરાયેલા કેબલ વાયર સળગાવ્યા બાદ તેમાંથી કાઢવામાં આવેલા આશરે ૮ કિલો કોપરના તારના ગૂંચળા કબજે કર્યા હતા. આ કોપરની કિંમત લગભગ રૂ. ૮,૮૦૦ આંકવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે ગુનામાં ગયેલા મુદ્દામાલમાંથી ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે.

ઝડપાયેલા આરોપીનો અગાઉનો ગુનાઈત ઈતિહાસ પણ પોલીસ તપાસમાં સામે આવ્યો છે. રાજુલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૦૩(૨) મુજબનો ગુનો અને પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨), ૩૨૪(૫) મુજબનો ગુનો તેની સામે નોંધાયેલ છે.

# અમરેલી જિલ્લામાં સામાન્ય સરેરાશની સામે હજુ પણ વરસાદની નોંધપાત્ર ઘટ

## વરસાદના લાંબા વિરામ બાદ મેઘાવી માહોલ જામવાથી નવી આશા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલીઃ

અલનીનોની અસર વચ્ચે અમરેલી જિલ્લામાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતો ખુબ જ ચિંતિત બન્યા છે. અને અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી રહ્યા છે. ત્યારે જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાતા ખેતી ક્ષેત્રે નવી આશા બંધાઈ છે. જો કે સમગ્ર ચોમાસાની સિઝનના અત્યાર સુધીના વરસાદના આંકડા જોતા અમરેલી જિલ્લામાં સામાન્ય સરેરાશની સામે હજુ પણ વરસાદની નોંધપાત્ર ઘટ જોવા મળી રહી છે. અમરેલી જિલ્લાના ૧૧ તાલુકામાં અત્યાર સુધીમાં સરેરાશ ૭૪.૩૬ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. ખાસ કરીને જાફરાબાદ તાલુકામાં સૌથી ઓછો ૪૫.૦૩ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે રાજુલા તાલુકામાં સૌથી વધુ ૬૯.૫૫ ટકા વરસાદ નોંધાયો હોવાનું સરકારી આંકડાઓ પરથી સામે આવ્યું છે.

અમરેલી જિલ્લામાં ચોમાસાની શરૂઆતના દિવસોમાં સારો વરસાદ નોંધાયા બાદ હવે વરસાદે લાંબો વિરામ લીધો હતો. પરિણામે જિલ્લાના અનેક વિસ્તારોમાં વાવેતર કરાયેલા પાકને વરસાદની જરૂરિયાત ઊભી થઈ હતી. વરસાદ ખેંચાતા ખેડૂતોમાં પાકના ઉત્પાદન અંગે ચિંતા જોવા મળી રહી હતી. જો કે છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પલટો આવ્યો છે અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાપટાં તથા ક્યાંક ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોમાં ફરી આશાનું કિરણ જોવા મળ્યું છે.

અમરેલી જિલ્લાના ૩૦ વર્ષના સરેરાશ વરસાદના આંકડા સાથે વર્તમાન વરસાદની સરખામણી કરીએ તો, ચાલું વર્ષે જિલ્લામાં હજુ વરસાદની ઘટ સ્પષ્ટ દેખાય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૦.૯૩ ઈંચ વરસાદ નોંધાયો છે. સામાન્ય રીતે ૩૦ વર્ષના સરેરાશ વરસાદની સામે આ પ્રમાણ ૭૪.૩૬ ટકા જેટલું થાય છે. એટલે હજુ પણ સામાન્ય વરસાદની સરખામણીએ આશરે ૨૫.૬૪ ટકાની ઘટ રહે છે. ચાલું વર્ષે વરસાદના આ આંકડા ખેડૂતો માટે ચિંતાજનક છે, પરંતુ તાજેતરમાં પડેલા વરસાદને કારણે આગામી દિવસોમાં સ્થિતિ સુધરવાની આશા વ્યક્ત થઈ રહી છે.

તાલુકાવાર વરસાદના આંકડા પર નજર કરીએ તો રાજુલા તાલુકામાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૮.૬૬ ઈંચ વરસાદ નોંધાયો છે. ૩૦ વર્ષના સરેરાશ વરસાદની સરખામણીએ રાજુલામાં વરસાદનું પ્રમાણ ૬૯.૫૫ ટકા જેટલું છે. રાજુલા બાદ સાવરકુંડલા તાલુકામાં ૨૩.૨૪ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સરેરાશની સામે ૮૧.૬૩ ટકા જેટલો વરસાદ થાય છે. અમરેલી તાલુકામાં ૨૨.૪૪ ઈંચ વરસાદ સાથે ૯૮.૨૮ ટકા વરસાદ નોંધાયો છે, જ્યારે લિલિયામાં ૨૨.૮૦ ઈંચ વરસાદ નોંધાયો છે. લિલિયા તાલુકામાં સરેરાશની સામે ૮૬.૯૬ ટકા વરસાદ નોંધાયો છે.

કુંકાવાવ-વડીયા તાલુકામાં ૨૨.૨૦ ઈંચ વરસાદ નોંધાયો છે અને સરેરાશની સામે ૯૬.૦૩ ટકા વરસાદ થયો છે. ખાંભા તાલુકામાં ૨૦.૩૬ ઈંચ વરસાદ સાથે ૯૬.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. બગસરા તાલુકામાં ૨૨.૨૪ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સરેરાશની સામે ૯૨.૩૪ ટકા જેટલો થાય છે.

બીજી તરફ બાબરા તાલુકામાં અત્યાર સુધીમાં ૧૬.૮૪ ઈંચ વરસાદ નોંધાયો છે અને સરેરાશની સામે વરસાદનું પ્રમાણ ૫૮.૫૯ ટકા જેટલું રહ્યું છે. લાઠી તાલુકામાં ૧૭.૯૨ ઈંચ વરસાદ સાથે ૬૮.૨૯ ટકા વરસાદ નોંધાયો છે. ધારી તાલુકામાં ૧૫.૬૮ ઈંચ વરસાદ પડ્યો છે, જે સરેરાશની સામે ૫૩.૨૩ ટકા જેટલો છે. જિલ્લામાં સૌથી ઓછો વરસાદ જાફરાબાદ તાલુકામાં નોંધાયો છે. જાફરાબાદમાં અત્યાર સુધીમાં ૧૫.૬૮ ઈંચ વરસાદ પડ્યો છે અને ૩૦ વર્ષના સરેરાશની સામે માત્ર ૪૫.૦૩ ટકા વરસાદ નોંધાયો છે. અમરેલી જિલ્લામાં વરસાદની સ્થિતિ તાલુકાવાર અલગ અલગ જોવા મળી રહી છે. ખાસ કરીને દરિયાકાંઠાના રાજુલા-જાફરાબાદ પંથકમાં વરસાદના પ્રમાણમાં મોટો તફાવત જોવા મળે છે. રાજુલામાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે તેની નજીકના જાફરાબાદમાં સૌથી ઓછો વરસાદ નોંધાતા ખેડૂતોની સ્થિતિ પણ અલગ અલગ જોવા મળી રહી છે. વરસાદની ખેંચના કારણે કેટલાક વિસ્તારોમાં પાકને પૂરતું પાણી મળવામાં મુશ્કેલી ઊભી થઈ છે.

વરસાદના તાજેતરના ઝાપટાંથી ખેતરોમાં ભેજનું પ્રમાણ વધ્યું છે અને વરસાદની વધુ આશા ખેડૂતોમાં જાગી છે. જો આગામી દિવસોમાં પણ મેઘરાજા મહેરબાન રહે અને સારો વરસાદ થાય તો અત્યાર સુધીની ઘટમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને મગફળી, કપાસ સહિતના ખરીફ પાક માટે આગામી વરસાદ અત્યંત મહત્વનો બની શકે છે. હાલ ખેડૂતોની નજર આકાશ તરફ મંડાયેલી છે અને મેઘરાજા વધુ મહેર વરસાવે તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

જિલ્લામાં સીઝનનો સરેરાશ વરસાદ હજુ ૭૪.૩૬ ટકા જેટલો જ રહ્યો હોવા છતાં તાજેતરના વરસાદી માહોલે ખેડૂતોમાં નવી આશા જગાવી છે. લાંબા વિરામ બાદ મેઘાવી વાતાવરણ સર્જાતા ખેતરોમાં ફરી હરિયાળી જોવા મળે અને વરસાદની ઘટ પૂરી થાય તેવી આશા ખેડૂતો રાખી રહ્યા છે. હવે આગામી દિવસોમાં વરસાદ કેવો રહે છે તેના પર અમરેલી જિલ્લાના ખેતી પાકો અને ખેડૂતોની મોસમની આશા-નિરાશાનો મોટો આધાર રહેશે.

# અમરેલી જિલ્લામાં લાંબા વિરામ બાદ છેલ્લા બે દિવસથી મેઘરાજાની પધરામણી

## મુરઝાતા કપાસ-મગફળીના પાકને જીવતદાન મળતાં ખેડૂતોમાં ખુશી,જાફરાબાદ ખાતે દરિયામાં ભારે પવન-મોજાંની શક્યતાને પગલે ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું

(મિલાપ રૂપારેલ દ્વારા)





અમરેલીઃ અમરેલી જિલ્લામાં લાંબા સમયથી વરસાદની કાગડોળે રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આખરે રાહતના સમાચાર આવ્યા છે. હવામાન વિભાગની આગાહીને પગલે શનિવાર સાંજથી જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને મોડી રાતથી આજ સુધીમાં જિલ્લાના તમામ તાલુકા તથા ગ્રામ્ય વિસ્તારોમાં દોઢ ઈંચ સુધી ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. લાંબા વિરામ બાદ વરસેલા વરસાદથી મુરઝાતી મોલાતોને નવું જીવતદાન મળતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

અમરેલીના લાઠી શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં મોડી રાતથી ધીમીધારે વરસાદનું આગમન થયું હતું. ધારી, દામનગર, સાવરકુંડલા, બાબરા, બગસરા સહિતના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં પણ આશાનું કિરણ જાગ્યું હતું.

ખાસ કરીને બાબરા પંથકમાં મોડી રાતથી સવાર સુધી સતત ધીમીધારે વરસાદ વરસ્યો હતો. બાબરા શહેર ઉપરાંત દરેડ, જામ બરવાળા, ખાખરીયા, પાનસેડા અને ગરણી સહિતના ગામોમાં પણ વરસાદ નોંધાયો હતો. લાંબા સમયથી વરસાદ ખેંચાતા પાકને નુકસાનની ભીતિ વચ્ચે વરસેલા વરસાદથી ખેડૂતોને હાશકારો થયો હતો.

કપાસ, મગફળી અને સોયાબીન સહિતના પાક માટે હાલનો વરસાદ ઉપયોગી સાબિત થવાની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. વરસાદના કારણે મુરઝાતી મોલાતોને ખાસ કરીને રાહત મળતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી.

બીજી તરફ બાબરા પંથકમાં સારા વરસાદને પગલે કેટલાક સ્થળોએ રોડ-રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. બાબરાના કરિયાણા રોડ પર પાણી ભરાયા હતા. જ્યારે પથિકા આશ્રમ પાછળ આવેલા શહીદ ચોક વિસ્તારમાં ભૂગર્ભ ગટરના ગંદા પાણી વરસાદી પાણી સાથે રોડ પર આવી જતાં રાહદારીઓ અને સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

અમરેલી શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ચક્કરગઢ, દેવાળિયા, કણકોટ સહિતના ગામોમાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સાવરકુંડલા, ધારી, લાઠી, રાજુલા, ખાંભા અને બગસરા સહિતના તાલુકાઓમાં પણ વરસાદના અહેવાલો મળ્યા હતા.

રાજુલા તાલુકાના વિકટર, માંડળ અને ડુંગર સહિતના ગામોમાં વહેલી સવારથી ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. ખાંભા-ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ વરસતાં ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી હતી. બગસરા અને સાવરકુંડલાના ગ્રામ્ય પંથકમાં પણ ધીમીધારે વરસાદ પડતાં લાંબા વિરામ બાદ મેઘરાજાના આગમનથી ખેડૂતોમાં ખુશી વ્યાપી હતી.

દરમિયાન વડિયા પંથકમાં સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ધોધમાર વરસાદનું આગમન થયું હતું. વડિયા શહેરમાં ધોધમાર વરસાદને પગલે રોડ-રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. પંથકમાં અંદાજે એક ઈંચ જેટલો વરસાદ ખાબકતાં લાંબા સમયથી વરસાદની વાટ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

જિલ્લામાં એક તરફ મેઘરાજાએ ધરતીને ભીંજવવાનું શરૂ કર્યું છે.

ત્યારે બીજી તરફ દરિયાઈ પંથકમાં પણ વરસાદી માહોલ સર્જાયો છે. જાફરાબાદના લાઈટ હાઉસ ખાતે દરિયામાં ભારે પવન-મોજાંની શક્યતાને પગલે ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. જાફરાબાદના દરિયામાં હળવો કરન્ટ જોવા મળ્યો હતો અને મોજાં ઉછળતાં જોવા મળ્યાં હતાં. તકેદારીના ભાગરૂપે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

લાંબા વિરામ બાદ અમરેલી જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસેલા વરસાદથી ખેડૂતોના ચહેરા પર ફરી આશાનું કિરણ દેખાયું છે. હવે આગામી દિવસોમાં વરસાદનું જોર જળવાઈ રહે છે કે નહીં તેના પર ખેડૂતોની નજર મંડાયેલી છે.

# જેતપુર-બગસરા રોડ પર બસ, રિક્ષા અને બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત

## દુર્ઘટનામાં ૩૨ વર્ષીય બાઈક ચાલકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોતઃ૫ મુસાફરો ઈજાગ્રસ્ત



જેતપુરઃ

જેતપુર તાલુકાના ખારચિયા ગામ નજીક જેતપુર-બગસરા રોડ પર ખાનગી લક્ઝરી બસ, પેસેન્જર રિક્ષા અને બાઈક વચ્ચે ગમખ્વાર ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં જેતપુરથી પોતાના ગામ ખારચિયા જઈ રહેલા ૩૨ વર્ષીય બાઈક ચાલક યતીન ચંદુભાઈ સેંજલીયાને ગંભીર ઈજા પહોંચતા જૂનાગઢ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે.

સોમનાથ તરફથી આશરે ૯ મુસાફરો ભરીને જામનગર જઈ રહેલી રિક્ષાને ખાનગી બસે અડફેટે લેતાં રિક્ષા ધડાકાભેર રોડ પર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર સોનલબેન ગોદરિયા (૫૦), રિતિક ગોદરિયા (૧૫), શીતલ ગોદરિયા (૨૧), ડિપાલી ગોદરિયા (૧૪) અને ભાવનાબેન ગોદરિયા (૧૫) ગંભીર રીતે ઘાયલ થતાં તમામને સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખસેડાયા છે.

વિસાવદરથી જેતપુર તરફ આવી રહેલી ખાનગી ટ્રાવેલ્સની લક્ઝરી બસે અકસ્માત સર્જ્યો હતો. રિક્ષા સાથે ટક્કર બાદ બસે બાઈક ચાલક યતીનભાઈને જોરદાર અડફેટે લીધા હતા અને ત્યારબાદ બસ અનિયંત્રિત થઈને રોડની સાઈડમાં આવેલા ખાડામાં ઉતરી ગઈ હતી. ઘટના બાદ આસપાસના સ્થાનિકો અને રાહદારીઓએ દોડી આવીને ૧૦૮ મારફતે બચાવ કામગીરી હાથ ધરી હતી.

આ ગમખ્વાર અકસ્માતને પગલે જેતપુર-બગસરા હાઈવે પર બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ચક્કાજામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ જેતપુર તાલુકા પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને રોડ પરથી અકસ્માતગ્રસ્ત વાહનો હટાવી ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. પોલીસે આંગે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.